# –:: ભાવ ભરવા સંબંધિત શરતો ::–

૧) ટેન્ડર ફી રૂા.૧૫૦૦/–નો ડીમાન્ડ ડ્રાફટ તેમજ બાનાની રકમ તરીકે રૂા.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા)નો **કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ–કચ્છ**ના નામની શીડયુલ બેંક કે રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. ટેન્ડર ડોકયુમેન્ટ સાથે ઓન લાઈન સ્કેન કરવાની રહેશે તેમજ અસલ અત્રેની કચેરીમાં અલાયદા મોકલી આપવાની રહેશે. બાનાની રકમ વગરના ભાવો ધ્યાને લેવામાં આવશે નહી. **તેમજ બાના મુકિત પ્રમાણપત્ર માન્ય રહેશે નહી.** બાનાની રકમ આપોઆપ સીકયોરીટી ડીપોઝીટમાં તબદીલ કરવામાં આવશે. જે આસામીઓ કામ કરવા માંગતા ન હોય તેઓની બાનાની રકમ પરત કરવામાં આવશે. ભવિષ્યમાં તેઓનું આ કામગીરી કરવાનું હકક રહેશે નહી. પરંતુ આ કામમાં સૌથી નીચા ભાવ ભરનારને આ ભાવો બંધનકર્તા રહેશે.

૨) ટેન્ડરના મળેલ ભાવો માંથી સૌથી નીચા આવેલ ભાવોવાળી એજન્સી કે અન્ય એજન્સી સાથે વાટાઘાટો કરીને યોગ્ય ભાવો મેળવીને એક યા બધી આઈટમના ભાવો મંજુર કરવાનો કે નામંજૂર કરવાનો ખાતાને હક રહેશે અને આ અંગે ભાવ ભરનાર એજન્સીઓને ખાતાનો નિર્ણય બંધનકર્તા રહેશે અને આ બાબતે કોઈ વાંધો સ્વીકાર્ય ગણાશે નહી.

૩) આ કામની અનુસુચિમાં જણાવવામાં બાબતોની કામગીરી જરૂરીયાતને આધિન કરાવવામાં આવશે. આ બાબતે કોઈ વિવાદ કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહિ. કોઈપણ કારણો આપ્યા સિવાય એક અથવા બધા જ ભાવપત્રકો મંજુર/નામંજુર કરવાની સતા કાર્યપાલક ઈજનેરશ્રીને અબાધિત છે.

૪) આ ભાવપત્રકમાં જણાવેલ બાબતો મુખ્યત્વે માર્ગ અને મકાન વિભાગ, ભુજ–કચ્છ હેઠળના કાર્યક્ષેત્રમાં આકસ્મિક ઉપયોગમાં લેવા માટે વાર્ષિક ધોરણે માંગવામાં આવે છે મંજુર કરવામાં આવેલ ભાવનો સમયોચિત મુદત વધારવા કે ઘટાડવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય અંતિમ અને આખરી રહેશે.

૫) ગમે તે કારણોસર નિયત સમય બાદ કે, બાનાની રકમ સિવાયના અને શરતી ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી.

૬) આવેલ ભાવો ભાવ મળ્યાની તારીખ થી ૧૨૦ દિવસ સુધી માન્ય ગણવામાં આવશે. ભાવો ભરનાર ૧૨૦ દિવસ પહેલા ઓફર પરત ખેચી શકશે નહી.

૭) સરકારશ્રીનાં વખતોવખતના નિયમો ભાવ ભરનાર ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે. તેમજ ઠેકેદાર ધ્વારા ભરવામાં આવેલ ભાવો તમામ વેરા સહિતના (જીએસટી ટેક્ષ સિવાયના) રહેશે. **જીએસટી** અલગથી ચુકવવામાં આવશે.

૮) કોન્ટ્રાકટરનાં બીલ લગત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી મારફત ચુકવણા અર્થે રજુ કરવાના રહેશે.

૯) મંજુર કરવામાં આવેલ ભાવ બાબતે ઠેકેદારશ્રીએ સરકારશ્રીના પ્રર્વતમાન નિયમાનુંસાર નિયત ફોર્મમાં કરારખત કરવાનું રહેશે. તેમજ ઠેકેદારશ્રીએ અનુસુચિમાં જણાવેલ બાબતો અન્વયેની કામગીરી/માલસામાનની જરૂરીયાત ઉભી થયે સુચના મુજબ સમયમર્યાદા પુરી કરવાની/પાડવાની રહેશે.

૧૦) મંજુર થયા મુજબની આઈટમની કામગીરીના અંદાજ મંજુરી મુજબની રકમ જામીન અનામત ભર્યા બાદ જે તે કામ કરતાં અગાઉ આ અંગેનું પેટા વિભાગ ખાતે અલગથી કરારનામું કરવાનું રહેશે.

૧૧) કરારનામા મુજબ થયેલ કામના પ્રમાણમાં સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવતા તમામ વેરાઓ / ટેસ્ટીંગ ચાર્જ કે અન્ય વસુલાત નિયમોનુસાર બીલમાંથી કપાત કરવામાં આવશે.

૧૨) કામના ટેન્ડર સ્પેશિફિકેશન મુજબ ઈજારદારશ્રીએ કામગીરી કરવાની રહેશે તથા સરકારીશ્રી દ્વારા વખતોવખતના લાગુ પડતા જે નિયમો / શરતો / સ્પેશિફિકેશનના ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

૧૩) ઈજારદારે પોતાના મોબાઈલ નંબર રજિસ્ટર્ડ કરાવવા માટે જણાવવાનો રહેશે. જેથી જયારે–જયારે જે તે પેટા વિભાગીય કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા જણાવવામાં આવે ત્યારે ઈજારદારશ્રીને સામાન્ય સંજોગોમાં ૭ (સાત) દિવસમાં કામનું કરારનામું કરી તાત્કાલિક શરૂ કરી કરારનામાની જોગવાઈ મુજબ પૂર્ણ કરવાની રહેશે. પરંતુ કામની અગત્યતાને ધ્યાને લઈ જે તે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની મૌખિક કે ટેલિફોનિક સુચના મળ્યાથી તેમના હસ્તકના પેટા વિભાગોમાં કામ યુદ્ધના ધોરણે દિન–૧ માં અથવા જે સમય મર્યાદા જણાવવામાં આવે તે પ્રમાણે તાત્કાલિક હાથ ધરી પૂર્ણ કરવાનું રહેશે. જો ઈજારદારશ્રી આ રીતે કામ તાત્કાલિક શરૂ નહિ કરે તો તેવા સંજોગોમાં બીજા ઈજારદારશ્રી પાસે કામ કરાવી શકાશે. જે અંગે કોઈ વાંધો ચલાવી લેવામાં આવશે નહિ, તથા જો કામ શરૂ કરી પૂર્ણ કરવામાં ઈજારદારશ્રી નિષ્ફળ થશે તો નિયમોનુસાર લીકવીડેટેડ ડેમેજીસ તરીકે વસુલ કરવામાં આવશે.

૧૪) કામના જથ્થા, ગુણવત્તા અને જરૂરીયાત અંગે કોઈપણ તકરાર કે ગુંચવણ ઉભી થયે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ–કચ્છનો નિર્ણય આખરી અને અંતિમ રહેશે અને ઠેકેદારને તે બંધનકર્તા રહેશે નિયત સમયમર્યાદામાં પુરા ન કરેલ કામ બાબતે સરકારશ્રીનાં પ્રર્વતમાન નિયમાનુંસાર સક્ષમ અધિકારી દંડની જે રકમ નકકી કરે તે ઠેકેદારના બિલમાંથી કપાત કરવામાં આવશે.

૧૫) કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ, ભુજ–કચ્છ યોગ્ય જણાય આ કામ માટેના ઈજારદારો તરફથી ભરાઈને આવેલ ટેન્ડર પૈકી મંજુર થયેલ ભાવે, ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેનાર અન્ય ઈજારદાર પાસેથી કોઈપણ આઈટમની કામગીરી કરાવી શકશે અને તે બાબતે સૌથી ઓછા ભાવ ભરનાર અથવા તો અન્ય ઈજારદાર તરફથી કોઈ વાંધો – તકરાર ઉભી કરવાની રહેશે નહી. તેમજ કોઈ વાંધો કે તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી.

૧૬) ટેન્ડરમાં જણાવેલ જથ્થો/રકમ અંદાજીત છે (જો હોય તો) તેટલા જ જથ્થાની ખરીદી માટે આ કચેરી બંધાયેલ નથી. જો કોઈ પણ કામ કરાવવામાં અથવા માલસામાન ખરીદ કરવામાં નહી આવે તો ભાવ ભરનાર કોઈ હકકદાવો કરી શકાશે નહી.

૧૭) કામમાં વાપરવાનો થતો માલસામાન સક્ષમ અધિકારીશ્રી પાસે મંજુર કરાવ્યા બાદ જ ઉપયોગમાં લેવાનો રહેશે.

૧૮) ભાવો ભરનાર એજન્સી ધ્વારા અસાધારણ નીચા ભાવો ભરવામાં આવશે તો કોઈપણ કારણ દર્શાવ્યા વગર રદ્દ કરવાનો હક કાર્યપાલક ઈજનેરશ્રીનો અબાધિત રહેશે. યોગ્ય જણાય અસાધારણ ઓછા ભાવ ભરનાર ઈજારદારો પાસેથી જામીન અનામતની નિયત રકમ રૂા. ૧,૫૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) ની બમણી એટલે કે રૂા. ૩,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) જામીન અનામત પેટે જમાં લેવામાં આવશે.

૧૯) કોઈપણ કામગીરી દરમ્યાન ડીસ્મેન્ટલ મટીરીયલ નીકળે તો તે જે તે ઈજારદારને લઈ જવાની રહેશે તથા ડીસ્મેન્ટલ મટીરીયલની અનુસુચિ પ્રમાણે ઈજારદારના બિલોમાંથી રકમ વસુલ કરવાની રહેશે. તે બાબતે કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય અંતિમ રહેશે.

૨૦) વાહન કે મશીનરી રોકવામાં આવે તો તેની લોગબુક, વાહન રજીસ્ટ્રેશન, ઈન્સુયરન્સનાં દસ્તાવેજો તેમજ ડ્રાઈવરનું ડ્રાઈવીંગ લાયસન્સ ચુકવણા સાથે રજુ કરેલ બિલ સાથે અચુક રજુ કરવાનું રહેશે.

૨૧) શરતી ભાવો સ્વીકારવામાં આવશે નહિ.

૨૨) થયેલ કામનું ચુકવણું ગ્રાન્ટની ઉપલબ્ધી મુજબ થશે. ચુકવણા માટે એજન્સીની કોઈપણ જાતની તકરાર તથા નાણાં વ્યાજ સાથે ચુકવવાની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં. તેમ છતાં ગ્રાન્ટની ઉપલબ્ધતા મુજબ જ બાકી બીલોનું ચુકવણું કરવામાં આવશે તેમાં એજન્સીનો કોઈ વાંધો ગ્રાહય રહેશે નહીં.

૨૩) આ કામે માંગવામાં આવેલ ભાવો માટે કોઈપણ નિશ્ચિત રકમના કામની ગેરંટી આપી શકાય નહિ, પરંતુ કામની જરૂરિયાતને ધ્યાને લઈને કામગીરી સોપવામાં આવશે.

૨૪) સદર મંજુર થયેલ ભાવે રજુ કરેલ બિલોમાંથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સીકયોરીટી ડિપોઝિટ પેટે કપાત કરવામાં આવશે તથા ડિફેકટ લાયબેલીટી પીરીયડ પૂર્ણ થયેથી છુટી કરવામાં આવશે.

ઉપરોકત ભાવ પત્રક મુજબ કરારખત ફકત અનિવાર્ય તથા આકસ્મિક સંજોગોમાં કરવામાં આવશે અથવા નીચે સહી કરનાર અધિકારી સુચના અનુસાર કરવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ
ભુજ–કચ્છ

ઉપરોકત શરતો મે/અમે વાંચી છે, સમજી છે અને તે મુજબ કામગીરી કરવા હું/અમો સંમત છીએ. અને તે મુજબ ભાવો ભરેલ છે.

ભાવ ભરનાર
ઈજારદારની સહી